ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*દોડે રઘવાયાં, જવું છે કયાં, ઈ કોઈને ખબર નથી*
*ખપે છે શું, ને માગે છે શું, ઈ કોઈને ખબર નથી,*
*ખબર નથી ઈ, કોણ છે કઈ, સમિતિ, સેના, ગ્રુપમાં -*
*લડે છે કોણ કોની સામે, ઈ કોઈને ખબર નથી*
*(નેતૃત્વનાં આંધળુકિયા)*

હાઈકુ

*મત મંથન*
*અજગર વલોણે*
*ઉગલે ઝેર..*
*(આક્ષેપ બાજી)*

*જાતિ ધર્મના,*
*રાઈ રાઈ જેટલા -*
*કરે કટકા*
*(સૌનો વિનાશ-સ્વ વિકાસ)*

### ચિંતન

**વિદ્યા વિધિ વિહીનેન કિં કુલીનેન દેહિનામ્ ।**
**અકુલીનો અપિ યો વિદ્વાન્દેવતૈરપિ પૂજ્યતે ॥**

'ભલે ને માણસ સારાં-ઉચ્ચ-વિશાળ કુળમાં જન્મ્યો હોય. પણ તેણે વિદ્યાભ્યાસ ન કર્યો હોય અસંસ્કારી-અભણ જ રહ્યો હોય અને એમાં આચાર વિચાર ન હોય તો એ કુળ શું કામનું? પરંતુ જે વિદ્વાન હોય પરંતુ - નીચા કુળમાં જન્મ હોય - કુલીન ન હોય છતાં પણ દેવો દ્વારા પણ તે પૂજય થાય છે.'

સંસારા વ્યવહારમાં 'વિદ્વતા' પૂજાય છે વિદ્વાન સર્વત્ર દેશ-વિદેશમાં પૂજાય છે. આજે સાચું જ્ઞાન પ્રાપ્ત કરી સંસારને અસાર સમજી કેટલાય ઈજનેરો-ડૉકટરો સંસાર છોડી સન્યાસ ગ્રહણ કરી - આત્મા અને સમાજના ઉદ્ધાર માટે દેશ-વિદેશમાં સત્સંગ-સભા ભરી લોકોને ધર્મ અને આચરણ બાબત સાચી સમજ આપી જીવનને કેમ સફળ બનાવવું એ જ્ઞાનનો પ્રચાર કરે. આજે પ્રચાર-પ્રસાર કરનારા વિદ્વાનો પૂજાય છે. સન્માન પામે છે. સંતો-યોગીઓ એની સાબિતી છે.

### સુવિચાર

- મુશ્કીલ કોઈ આન પડે તો ઘબરાને સે કયા હોગા...
  જીને કી તરકીબ નિકાલો મરજાને સે કયા હોગા... - **નવનીત**
- કોઈકની ભૂલ કાઢવા માટે ભેજું જોઈએ...
  અને પોતાની ભૂલ સ્વીકારવા માટે કાળજુ - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રવૃત્તિઓનો વિકાસ એકાંતમાં થાય છે,
  પણ સુંદર ચારિત્ર્યનું નિર્માણ ઝંઝાવાતમાં પણ થઈ શકે છે - **કાન્તિ ભટ્ટ**
- વૈરાગ્ય સાથે વ્યાખ્યાનની કળા એ ગુણ...
  અને વૈરાગ્ય વિનાની વ્યાખ્યાન કળા એ નાટક - **અખંડ આનંદ**
- સાચો મિત્ર અને ખરી આશા વચ્ચે એક સામ્ય છે...
  કપરામાં કપરી ક્ષણે પણ આ બંને કદી સાથ છોડતાં નથી - **ઈશિતા**
- કોઈ પણ ચર્ચા વખતે શબ્દો ને ઊંચા કરજો... અવાજને નહીં... ફૂલ વરસાદથી ખીલે છે...
  વીજળીના કડાકાભડાકાથી નહીં - **ડો. જગદીશ ત્રિવેદી** **(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

જો આપણને કોઈની પાસેથી કંઈ પણ મેળવવું હોય, પ્રાપ્ત કરવું હોય, તો નમ્ર બની, નીચા થઈને જ રહેવું પડે. વિદ્યાર્થી જો શિક્ષક કે ગુરુની પાસે ઘમંડ કરી 'મને તમારાથી વધારે આવડે છે' એવા ભાવથી કોઈ વિદ્યા-શિક્ષણ પ્રાપ્ત કરવા જાય તો તેને કદી-કંઈ જ પ્રાપ્ત થતું નથી. નમ્રતા અને વિવેક શિષ્યના મુખ્ય ગુણ છે.

એકવાર શિષ્ય આનંદે, ભગવાન બુદ્ધને પૂછ્યું, ભગવાન ! ધર્મનો પાયો સમાનતા છે છતાં વ્યાખ્યાતા ઉચ્ચ આસને બેસી બોધ-કથા-ઉપદેશ શા માટે આપતા હશે?

ભગવાન બુદ્ધે કહ્યું - શિષ્ય તું ઝરણાંમાંથી જયારે પાણી પીવે છે ત્યારે ઝરણાં ઉપર ઊભો રહે છે કે નીચે - અને પ્યાલાથી પાણી મુખમાં રેડે છે ત્યારે પ્યાલી ઊંચે રાખે છે કે નીચે?

આનંદને જવાબ મળી ગયો. નમ્રતા-વિવેક અને નીચા થઈને જ રહેવાથી કંઈ પણ પ્રાપ્ત કરી શકાય છે.

# ગાંધીને યાદ કરવાની લાયકાત કેળવીએ

## તંત્રીસ્થાનેથી....

દર વર્ષે ઑકટોબર શરુ થતાં જ ગાંધીજીના નામનું સ્મરણ તાજું થાય છે. ગાંધી સાથે અવિનાભાવે જોડાયેલી ખાદીનું વેચાણ ખાસ સબસિડી આપીને વધારી દેવાય છે. રાષ્ટ્રપુરુષોને અંજલી આપવાની આ પરંપરા ખોટી પણ નથી. એ નવી પેઢીને એના ઈતિહાસ સાથે જોડી આપે છે. હજારો વર્ષોમાં આવો એકાદ મહાત્મા પેદા થાય છે જેને કાળબળ પણ ભૂંસી શકતું નથી. કયાંક ઈસુ થયા, કયાંક મોહંમદ, કયાંક સોક્રેટીસ. આપણી સંસ્કૃતિ ઘણી પ્રાચીન અને ભારતમાતાની કૂખ ફળદ્રુપ એટલે બાકીની દુનિયા કરતાં બમણી - ત્રણ ગણી કાલજયી વિભૂતિઓ અહીં પેદા થઈ. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, નાનક, કબીર, તિરુવલ્લુવર. છેલ્લે ગાંધીમાં એ તમામના અંશોનું રસાયણ રચાયેલું આપણી પૂર્વે પેઢીએ જોયું. ગાંધીએ એમના ઈમેજ બિલ્ડિંગ માટે કોઈ નિષ્ણાત એજન્સી થોડી રોકી હતી? એ કોઈ મોદી જેવા પ્રખર વક્તા પણ નહોતા. એ રામ કે કૃષ્ણ જેવા રૂપાળા નહોતા છતાં આખી દુનિયાને આંજી શક્યા તે એમના ચારિત્ર્યના બળે. એમની પાછળ મેડલિન સ્લેડ જેવી યુરોપિયન ગોપીથી લઈ આઈન્સ્ટાઈન જેવા મેધાવી વૈજ્ઞાનિક ઘેલાં થયાં હોય તો એ મૂઠી હાડકાંની કાયામાં જરુર કોઈ ઊંચો યુગપ્રવર્તક અવતારી આત્મા વસતો હોવો જોઈએ એટલું તો સ્વીકાર્યે જ છૂટકો. ગાંધીજીનું બાળપણ અતિ સામાન્ય હતું. એમના પૂર્વજો એટલા પ્રતાપી નહોતા કે નહોતો એમનો માતૃપક્ષ વિશિષ્ટ. મોહનમાંથી મહાત્મા બની શક્યા તે એમના આચરણથી. એમને જીવનભર સત્યના પ્રયોગો કર્યે રાખ્યા. આઝાદીની ચળવળ પણ એમને મન સત્યના પ્રયોગોનો જ ભાગ હતી. વળી આઝાકી કરતાં વધુ તો એ નશાબંધી અને અસ્પૃશ્યતા નિવારણ જેવા રચનાત્મક કાર્યક્રમોને અગ્રતાક્રમે મૂકતા હતા. એમણે સત્ય અને અહિંસાના પાયાના સિદ્ધાંતોની પુનઃપ્રતિષ્ઠા કરીને દુનિયાને ભારતીય સંસ્કૃતિનો સાચો પરિચય કરાવ્યો. જે બ્રિટીશ સરકાર ૧૮૫૭ના સશસ્ત્ર વિપ્લવ સામે કે ક્રાંતિકારીઓનાં બોમ્બ ધડાકાઓ સામે નહોતી શૂકી તેને આખરે આ અર્ધનગ્ન ફકીરના સત્યાગ્રહ સામે ઝૂકવું પડ્યું હતું. વિશ્વના ઈતિહાસમાં આ ન ભૂતો ન ભવિષ્યતી જેવી ઘટના હતી. પરંતુ આઝાદી પછીના ભારતનું શું? ગાંધીજીના વફાદાર સાથીઓએ સુદ્ધાં દેશના વિભાજનના મુદ્દે ગાંધીજીની સલાહ લેવાની રાહ નહોતી જોઈ. ગાંધી જાણે આઝાદી આંદોલન પૂરતા જ ખપના હતા. એ પછી તે રાજકારણીઓ માટે અપ્રસ્તુત બની ગયા હતા. ગાંધીજી પોતે આ વાત સુપેરે સમજી ગયા હતા અને એટલે જ એમણે આઝાદી આંદોલન ચલાવનારી કોંગ્રેસને વિખેરી નાખી લોકશાહી ઢબે નવી રાજકીય પાર્ટી બનાવવાનું સૂચન કર્યું હતું. ગાંધીજીના નામને વટાવી ખાનારા અને ગાંધીજીને હાડોહાડ તિરસ્કારનારાં પરિબળો આખરે તો એક જ સિક્કાની બે બાજુઓ જેવાં નીકળ્યાં છે. સાચા ગાંધીવાદીઓનું કોઈ વજૂદ નથી રહ્યું, બલકે સાચા ગાંધીવાદી હવે તો આંગળીના વેઢા ગણીએ એટલા પણ રહ્યા છે કે કેમ તે પ્રશ્ન. ગાંધીજીએ એમની છેલ્લી મુલાકાતો પૈકીની એક મુલાકાતમાં કહ્યું હતું કે હિન્દુસ્તાનની સૌથી મોટી સમસ્યા ભણેલાઓની હૃદયશૂન્યતા હશે. એમની આ આગાહી અક્ષરશઃ સાચી પડી રહી છે. ગાંધી પ્રેરિત સફાઈ કાર્યક્રમનો મોટા ઉપાડે પ્રચાર કરનારા એમને સૌથી પ્રિય દારુબંધીના કાર્યક્રમ પ્રત્યે સંપૂર્ણપણે મૌન છે. દિલ્હીમાં દારૂ પીવાની લાયકાત માટે નક્કી કરાયેલી ઉંમર ઘટાડવાની વિચારણા ચાલી રહી છે. ગાંધી જાતિ કે ધર્મ આધારિત રાજકારણના વિરોધી હતા, એને ઠેકાણે આજે અત્ર-તત્ર-સર્વત્ર આ બે જ મુદ્દાઓ પર રાજકારણ રમાઈ રહ્યું છે. શું ગાંધીજયંતીના દિવસે એમને સૂતરની આંટી પહેરાવી દેવા માત્રથી કે રાજઘાટ પર પુષ્પચક્ર ચડાવી દેવાથી રાષ્ટ્રપિતાનું શ્રાદ્ધ સંપૂર્ણ થઈ જાય? આ પ્રશ્ન દરેકે દરેક ભારતીય નાગરિકે પોતાની જાતને પૂછવો રહ્યો.

# વિજય : પરાજય ?

## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા





૧૫ સપ્ટેમ્બર - ૨૦૧૫ના રોજ પીટર બ્રૂકનાં નાટક 'બેટલફિલ્ડ'નો વર્લ્ડ પ્રિમિયર પેરિસમાં યોજાઈ ગયો. આ પહેલાંના મહાનાટક 'મહાભારત'થી તેઓ પ્રસિદ્ધ થયેલા છે. આ મહાનાયક ઈ. ૧૯૮૫માં રજૂ થયેલું.

આ બેટલફિલ્ડ એટલે કે યુદ્ધભૂમિ કુરુક્ષેત્રની છે. અહીં ખેલાયેલા મહાસંગ્રામના અંતથી શરુ તથાં કથાવસ્તુમાં કેન્દ્ર નાયક યુધિષ્ઠિર છે. આ નાટક દ્વારા પીટરબ્રૂક આધુનિક વિશ્વને યુદ્ધની વ્યર્થતાનો સંદેશ આપવા માગે છે.

યુદ્ધમાં સમ્રાટને વિજય મળે છે, પરંતુ તેમાં કેટલીય વાર વિજયનો આનંદ બિલકુલ હોતો નથી; હોય છે માત્ર પરાજય સમયના જેવી સહસ્ય પારાવાર વેદના. તેમાં યુધિષ્ઠિર હોય - એકદમ સંવેદનશીલ અને ધર્મના મર્મને જાણનારા સમ્રાટ. આ યુદ્ધના પ્રારંભ બિન્દુ ઉપર અર્જુન છે અને અંતિમ બિંદુ ઉપર યુધિષ્ઠિર. બંનેને વિષાદયોગ છે. એકને વિષાદ, થનારા સંભવિત સ્વજન વિનાશને કારણે છે; બીજાને થઈ ચૂકેલા સ્વજન વિનાશને કારણએ છે. નામ 'યુધિષ્ઠિર'નો વાચ્યાર્થ છે. યુદ્ધમાં સ્થિર રહેનાર. પરંતુ અહીં તો યુદ્ધના અંતે એમને માનસિક અસ્થિર કરી મૂક્યા છે. મહાસંગ્રામે પાથરેલી વિનાશલીલાથી ખિન્ન થયેલા યુધિષ્ઠિરની મનોવ્યથા મહાભારતના પાછલા પર્વોમાં જોવા મળે છે. (સ્ત્રીપર્વ અને શક્તિપર્વ.)

ધૃતરાષ્ટ્ર પોતાના પરિવાર સાથે હસ્તિનાપુરના મહેલમાં શૉકગ્રસ્ત અવસ્થામાં બેઠા હતા. એમને મળવા પોતાની છાવણીમાંથી નીકળીને શ્રીકૃષ્ણ, પાંડવો અને દ્રૌપદી આવ્યા; દૂર રથ ઊભો રાખીને પગપાળા ચાલતા આવ્યાં. મહેલના વિશાળ ખંડમાં પ્રવેશતાની સાથે જ યુધિષ્ઠિર દોડીને ધૃતરાષ્ટ્ર પાસે ગયા અને અત્યંત વિષાદ પૂર્ણ સ્વરે કહ્યું, 'મહારાજ! હું યુધિષ્ઠિર અભાગીયો છું.' એમ કહીને એમણે ધૃતરાષ્ટ્રનાં બંને પગ પકડી લીધા. ધૃતરાષ્ટ્રે એમને માથે હાથ ફેરવ્યો, એમને ઊભા કર્યા અને એમને છાતી સરસા ચાંપીને આલિંગ્ન આપ્યું. ત્યાર પછી તેઓ ગાંધારી પાસે આવ્યા. ગાંધારીએ પૂછ્યું, 'કયાં છે યુધિષ્ઠિર?' યુધિષ્ઠિર દોડીને આવ્યા, પગે પડીને રડતાં રડતાં કહ્યું, 'માતા ! હું અભાગીયો છું. મેં તમારા પુત્રોને હણવા દીધા. આ દોષ મારો જ છે, મને રાજય નથી જોઈતું, મારે જીવવું જ નથી. મને શાપ આપો; જેથી હું બધાં પાપોમાંથી છૂટી જાઉં.'

ગંગાકાંઠે સ્નાન કરીને તર્પણ કરવાનું હતું. ત્યારે માતા કુંતીએ પાંડવોને રડતાં સ્વરે રહસ્ય ખોલતાં જણાવ્યું કે 'તમે કર્ણને જલાંજલિ આપજો. એ તમારો મોટોભાઈ હતો.' યુધિષ્ઠિરે રડસમ અવાજે કહ્યું, 'અમે અણારા જણ્યા ભાઈને રાજયના ખરા ઉત્તરાધિકારીને માર્યો. એ મહાપાપ કર્યું છે.' તે મુક્તકંઠે રડી પડ્યા. એણે કહ્યું, 'મને ઘણીવાર નવાઈ લાગતી.એમનાં ચરણો તમારી ચરણો જેવાં કેમ દેખાય છે?'

રાજયાભિષેક પછી યુધિષ્ઠિર સિંહાસને બેઠા, કે તરત એમના ચહેરા પર વિષાદ છવાઈ ગયો. એ મસ્તક નમાવીને ભૂમિ પર દૃષ્ટિ ટેકવીને બેસી રહ્યા. ભાઈઓને ખ્યાલ આવી ગયો. અર્જુન અને દ્રૌપદીએ એમને સમજાવ્યું કે શોક છોડી દો અને ધૈર્ય ધારણ કરો. શ્રીકૃષ્ણે પણ એમને સાર્થક વચનો કહીન સ્વર્થ કર્યા. એવામાં મહર્ષિ નારદનો પ્રવેશ થયો. તેઓ પરિસ્થિતિને પામી ગયા; તરત યુધિષ્ઠિર પાસે આવ્યા અને કહ્યું, 'હે રાજા! તમે સહેજ પણ હતાશ ન થાવ. જો તમે ધર્મયુદ્ધ ન કર્યું હોત,તો એ અધર્મ કહેવાય. યુદ્ધમાં મૃત્યુ પામે, તેનો શોક ન હોય. બધા જીવો કાળને વશ છે. આપ ધૈર્ય ધારણ કરો અને સુશાસનથી પ્રજોન સુખ આપો.' અમુક સમય પછી અહીં વેદવ્યાસ આવી પહોંચ્યા. એમણે યુધિષ્ઠિરને સમજાવ્યું. 'જેમનો સંહાર થયો છે. એ તમારા પિતરાઈ ભાઈઓ છે, તેથી તમને વિષાદ છે. પરંતુ જે કોઈ આતતાયી હોય, એમને હણવામાં પાપ નથી. તમે તો ધર્મથી યુદ્ધ કર્યું છે. તેમાં અધર્મ આચરનારા જે કોઈ હોય તેણે હણવામાં પાપ નથી. તેમ છતાં તમારા મનનું સમાધાન થતું ન હોય તો મહાત્મા ભીષ્ણને મળો. તે પરશુરામના શિષ્ય છે, મારાથી વધુ જ્ઞાની છે, વિષ્ણુના ઉપાસક છે.'

શ્રીકૃષ્ણ અને પાંડવો પિતામહ ભીષ્મને મળ્યા. તેઓ કુરુક્ષેત્રમાં બાણશય્યા પર ઉપર

અનુસંધાન પાના નં. ૭ પર

# દુનિયામાં સૌ પ્રથમ વેધશાળાઓ બાંધવાનું બહુમાન કોને ફાળે જાય છે?

## વિજ્ઞાન જગત

(૧) પ્રિન્ટિંગ પ્રેસનો શોધક કોણ હતો?
(અ) કેકસટન (બ) બ્રુશનેલ
(ક) માઈકલ ફેરાડે (ડ) બી. પાસ્કલ

(૨) ભારતમાં નિર્મિત પ્રથમ કમ્પ્યુટર કયું છે?
(અ) પરમ (બ) સિદ્ધાર્થ
(ક) પ્લેટીનમ (ડ) રામ

(૩) ચહેરાની ક્રિમ બનાવવા માટે શા નો ઉપયોગ થાય છે?
(અ) કેલ્શિયમ કાર્બોનેટ (બ) સોડિયમ બાયકાર્બોનેટ
(ક) ઝિંક ઓકસાઈડ (ડ) સોડિયમ થાયોસલ્ફેટ

(૪) હવામાં ઊડતું ચામાચીડિયું કયા સમુદાયનું પ્રાણી છે?
(અ) સસ્તન (બ) વિહંગ
(ક) બિલાડી વર્ગ (ડ) શરીસૃપ

(૫) લાંબા સમય સુધી પડી રહેલા ખોરાકમાંથી કયુ તત્ત્વ નાશ પામે છે?
(અ) સાઈટ્રીક એસિડ (બ) ફોલિક એસિડ
(ક) પ્રૉટીન (ડ) વિટામીન

(૬) કયો ગેસ નાકમાં પ્રવેશતાં હસવું આવે છે? જેને લાફીંગ ગેસ પણ કહે છે?
(અ) નાઈટ્રસ ઑકસાઈટ (બ) કાર્બન મોનોકસાઈટ
(ક) સલ્ફર ડાયોકસાઈટ (ડ) કલોરીન

(૭) બોન્કાઈટીસ શરીરના કયા અંગને વધુ પ્રભાવિત કરે છે?
(અ) ગળુ (બ) શ્વાસનળી
(ક) ફેફસાં (ડ) નાક

(૮) રૂમેટિઝમ રોગ શરીરના કયાં અંગો સાથે સંકળાયેલ રોગ છે?
(અ) ફેફસાં (બ) કિડની
(ક) લીવર (ડ) હાડકાના સાંધા

(૯) ઉંદર મારવાની દવામાં શાનો ઉપયોગ થાય છે?
(અ) ઝિંક ફોસ્ફાઈડ (બ) મરક્યુરી કલોરાઈડ
(ક) પોટેશિયમ આયોડાઈડ (ડ) પોટેશિયમ ડાયક્રોમેટ

(૧૦) મામેજવો વનસ્પતિ કયા રોગના ઉપચાર માટે વપરાય છે?
(અ) બ્લડ પ્રેશર (બ) ડાયાબિટીશ
(ક) ટી.બી. (ડ) સાંધા-વાના દુઃખાવા

(૧૧) હિપેટાઈટસની રસી કયા રોગમાં મૂકવામાં આવે છે?
(અ) કમળા (બ) ટાઈફોઈડ
(ક) કોલેરા (ડ) મલેરિયા

(૧૨) ઓસ્ટીયોમેલેશિયા રોગ કયાં અંગને પ્રભાવિત કરે છે?
(અ) હૃદય (બ) મગજ
(ક) લીવર (ડ) હાડકાં

(૧૩) મંગળ ગ્રહ પરનો પર્વત કયા નામે ઓળખાય છે?
(અ) વેકટીન ઓલમ્પિયા (બ) જીનીઓ ઓલમ્પિયા
(ક) નિક્સ ઓલમ્પિયા (ડ) કાર્ટ ઓલમ્પિયા

(૧૪) આઠપગા ઓકટોપસને કેટલાં હૃદય હોય છે?
(અ) એક (બ) બે
(ક) ત્રણ (ડ) ચાર

(૧૫) દુનિયામાં સૌ પ્રથમ વેધશાળાઓ બાંધવાનું બહુમાન કોને ફાળે જાય છે?
(અ) સવાઈ જયસિંહ બીજો (બ) રાજા ઉદયભાણ સિંહ
(ક) રાજા જયસિંહ (ડ) રાજા ભાનુસિંહ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨ ઑક્ટોબર ૧૯૦૨ — ચાર્લ્સ સ્ટ્રેક ડ્રેપર : અમેરીકન એરોનોટીકલ એન્જીનીયર, 'ગાયરોસ્કોપ' સિસ્ટમ બનાવનાર
- ૨ ઑક્ટોબર ૧૮૮૬ — રોબર્ટ જુલિયસ ટ્રમ્પલર : સ્વીસ-અમેરીકન એસ્ટ્રોનોમર, આલ્બર્ટ આઈન્સ્ટાઈનની 'રિલેટીવીટી' થિયરી પર કામ કરનાર
- ૩ ઑક્ટોબર ૧૯૦૪ — ચાર્લ્સ ડે. પેડરસન : કોરીયન-અમેરીકન કેમીસ્ટ, ૧૮૮૭માં નૉબેલ પ્રાઈઝ વિજેતા
- ૩ ઑક્ટોબર ૧૮૫૪ — વિલિયમ ક્રાઉફોર્ડ જોર્જ : અમેરીકન આર્મી સર્જન. પનામા-કેલાન નિર્માણના સહયોગી
- ૪ ઑક્ટોબર ૧૯૦૬ — એલીસ સ્તેવાર્ટ : ઈંગ્લીશ એપીડેમીયોલોજીસ્ટ. બાળકોમાં થતા લ્યૂકેમિયા પર સંશોધન કરનાર
- ૪ ઑક્ટોબર ૧૯૦૩ — જહોન એટ્ટનસોફ : અમેરીકન ભૌતિકશાસ્ત્રી, પ્રથમ ઈલેકટ્રોનિક ડિજિટલ કમ્પ્યુટર બનાવનાર
- ૫ ઑક્ટોબર - — પિયર ડેનસેરુઆ : ફ્રેન્ચ-કેનેડિયન પ્લાન્ટ ઈકોલોજીસ્ટ, ન્યૂયોર્ક બોટોનિકલ ગાર્ડનના ચીફ રહ્યા
- ૫ ઑક્ટોબર ૧૮૮૯ — ડીર્ક કોસ્ટર : ડચ ભૌતિકશાસ્ત્રી. 'હાફનીયમ' એલીમેન્ટના શોધક
- ૬ ઑક્ટોબર ૧૮૯૭ — ફલોરેન્સ સેઈલર્ટ : અમેરીકન વૈજ્ઞાનિક. ટી.બી.ના સ્કીન ટેસ્ટ માટે ખાસ પ્રોટીન શોધનાર
- ૬ ઑક્ટોબર ૧૮૯૩ — મેઘનાદ એન. શહા : ભારતીય ખગોળશાસ્ત્રી, ૧૯૨૦માં 'થર્મલ આયોનાઈઝેશન ઈકવેશન' આપનાર
- ૭ ઑક્ટોબર ૧૯૨૭ — આર.ડી. લેઈંગ : બ્રિટીશ ભૌતિકશાસ્ત્રી 'સીઝોફોનીયા'ના ઉપચાર પર સંશોધન કરનાર
- ૭ ઑક્ટોબર ૧૮૮૫ — નીલ બોહર : ડેનિશ ભૌતિકશાસ્ત્રી, ક્વૉન્ટમ થીયરના જનક, ૧૯૨૨માં નૉબેલ પ્રાઈઝ વિજેતા
- ૮ ઑક્ટોબર ૧૯૧૮ — જેન્સ સી. સોકુ : ડેનિશ બાયોફીઝીસ્ટ, 'એડેનોસાઈન ફોસ્ફેટ' એન્ઝાઈમની શોધ બદલ ૧૯૯૭માં નૉબેલ પ્રાઈઝ મળ્યું.
- ૮ ઑક્ટોબર ૧૯૧૭ — રોન્ડી પોર્ટર : બ્રિટીશ બાયોકેમીસ્ટ, એન્ડીબોડીઝના કેમિકલ સ્ટ્રકચરની શોધ બદલ ૧૯૭૨માં નૉબેલ પ્રાઈઝ મળ્યું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુલાકાત લીધેલ દેશ આર્યલેન્ડના વડાપ્રધાન કોણ છે?** **જવાબ : તાઓઈશ એન્ડા કેન્નીી**

## ખજાનો

અનિલ પટેલ



### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૩) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૪) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૫) મોનિકા પ્રણવ જોષી : સે-૨બી, ૧૩૫૯/૧
(૬) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૭) મૂળજીભાઈ પરમાર 'દધિ' - સે-૭

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**અમેરિકામાં આવેલી સિલિકોન વેલી કયા શહેરમાં આવેલી છે?**

**'ગાંધીનગર સમાચાર' - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ક (૪) અ (૫) બ (૬) અ (૭) બ (૮) ડ (૯) અ (૧૦) બ (૧૧) અ (૧૨) ડ (૧૩) ક (૧૪) ક (૧૫) અ

# યુરિન લેબોરેટરી માટે બહુ મહત્ત્વનું માધ્યમ છે કે જેનાથી ઘણા મોટા મોટા નિદાન થઈ શકે છે

## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ



ગયા અંકમાં યુરિન એટલે કે પેશાબ માટે થોડી વાતો કરી, યુરિન લેબોરેટરી માટે બહુ મહત્ત્વનું માધ્યમ છે કે જેનાથી ઘણા મોટા મોટા નિદાન થઈ શકે છે. ગઈ વખતે ચંપાબેનના યુરિન કલ્ચર એટલે કે પેશાબમાં રહેલા જંતુઓ ઉઘાડવા અને જુદી જુદી દવાઓ સાથે એ ઉઘેલા બેકટરીયાની તપાસ કરી. કઈ દવા ચંપાબેનને અસર કરશે એ વિશે સારી એવી છણાવટ કરી. એટલે કે જે પેશાબમાં જંતુ એટલે કે **pus cell** હોય તેવા યુરિન કલ્ચર બહુ અગત્યની ભૂમિકા ભજવે છે. યુરિન કલ્ચર માટે પેશાબ કયારે લેવો એ અગત્યની વાત છે. સવારનો એટલે કે મોર્નિંગનો પહેલો પેશાબ લેવો જોઈએ. પેશાબનો કયો ભાગ લેવો. શરુઆતનો પેશાબ, વચ્ચેનો કે છેલ્લો પેશાબ? પહેલાં તો ગુપ્તાંગને શક્ય એટલું ડેટોલ અથવા સાલવોનથી સાફ કરી રાખવા જોઈએ. શરુઆતનો થોડો પેશાબ જવા દેવો જોઈએ. વચ્ચેનો એટલે કે (મિડ સ્ટ્રીમ યુરિન) પેશાબ જ લેવો જોઈએ. અને તેમા પરૂના કણ વધારે આવે તો જ જંતુનો ચેપ માનવામાં આવે છે. જંતુ રહિત કરેલ યુરિન કન્ટેનર અથવા તો પેશાબ લેવાની ડબ્બી એ જંતુ રહિત એટલે કે સ્ટરાઈલ કરેલી હોવી જોઈએ. જેમાં ચોક્કસ પ્રકારના કિરણોથી જંતુરહિત ડબ્બી કરવામાં આવે છે. જેને યુવિરેઝ કિરણોથી જ કરવામાં આવે છે. ડબ્બીને ૧૦-૧૫ મિનિટ પાણીમાં ઉકાળવાથી જંતુ રહિત ડબ્બી થતી નથી. જેમાં બેકરેટીયાના ઈંડા અથવા તો ફુગના ઈંડા રહી જતા હોય છે. જે કદાચ પેશાબનો કલ્ચરનો રિપોર્ટ ખોટો આપી શકે છે. શું એકલા કલ્ચર માટે જ પેશાબ અગત્યનો છે, ના...

બીજી ઘણી તકલીફોમાં પેશાબ બહુ અગત્યનો ભાગ ભજવે છે. જેમ કે પુરુષોમાં યુરિન ઈન્ફેકશન પણ કોમન હોય છે. જેમ કે પ્રોસ્ટેટમાં ઈન્ફેકશન થાય તો પેશાબમાં પરૂ **(pus cells)**, લાલ કણ **(red cells)**, ઢગલાબંધ એટલે કે **(Plenty)** રિપોર્ટમાં આવે છે. જેમાં સાદુ બેકરેટીયાથી થતું ઈન્ફેકશન પણ હોય અને પ્રોસ્ટેટનું કેન્સર પણ હોઈ શકે. સામાન્ય રીતે ૪૦ વર્ષ પછી પુરુષોએ **PSA (prastatis specific antigen)** નો રિપોર્ટ કરાવી લેવો જોઈએ. ઘણા નાની ઉંમરે એટલે કે ૪૦ વર્ષની ઉંમરે **Prostate**નું કેન્સરનું નિદાન થાય તો સરસ રીતે મટી શકે છે. એટલે કે સૌથી પહેલું ઈન્ડિકેશન છે કે પેશાબમાં પરુ **(pus)**

એવી જ રીતે બહેનોમાં **pus** અને **blood** જવાથી **UTI** માં ગર્ભાશયનું કેન્સર પણ થઈ શકે છે. જેમાં **CA-125** નામનો માર્કર લોહીમાંથી કરાવાથી મોટું કેન્સરનું ડાયોગ્નોસીમ થતું હોય છે. જેની ઉંમર પર આશરે ૪૦ વર્ષથી વધારે હોય છે. પેશાબમાં શરીરનું બધો જ કચરો ફિલ્ટર થઈને નીકળતો હોય છે. એટલે કે તમે જો દવા હોય તો એની અસર પણ પેશાબમા જણાઈ આવે છે. એના ઉપરથી એ દવા વધારે અથવા ઓછી કરવાનું અઘરું કામ પણ પેશાબ આધારથી જ થાય જ છે.

બ્લડપ્રેશર કયાં કારણથી છે એનું નિદાન પણ પેશાબથી થઈ શકે છે. જેનું નામ **24 hour Urine for VMA** એટલે કે **VMA** નામનો ટેસ્ટ બીપી વાળા દર્દીઓ માટે ખુબ જ અગત્યનો છે. સિવાય યુરિન ફોર કેટાકોલોમાઈન યુરિન ફોર **5HIAA** નામનો ટેસ્ટ બહુ અગત્યનો છે. ૨૪ કલાકના પેશાબના રિપોર્ટમાંથી ઘણા બીજો પણ મોટા નિદાન થાય છે જેમ કે **(1) 24 hr Urine for protine (2) 24 hr Urine for calcium (3) 24 hr Urine for Phosphorse (4) 24 hr Urine for D-zyloes** જે શરીરનો **Metobolism** માટે ખુબ અગત્યનું ઈન્વેસ્ટીગેશન છે. **TB** માટે પણ **24 hr Urine for Urine** ખુબ જ અગત્યનું નિદાન દાયક ઈન્વેસ્ટીગેશન છે. જેનાથી ખુબ જ અઘરા **TB**ના નિદાન થાય છે. ૨૪ કલાકના પેશાબની વાત તો કરીએ છીએ પણ પેશાબ કેવી રીતે લેવો એ ખુબ જ અગત્યની વાત છે. **24 hr Urine** એટલે કે ૨૪ કલાકનો પેશાબ લેવા. એટલે કે અત્યારે સવારે ૭ વાગે પેશાબ એક ૫ લીટરના બીકર અથવા તો કેરબામાં લેવાની શરુઆત કરી તો બીજા દિવસે સવારે ૭ વાગ્યા સુધીમાં જેટલો પણ પેશાબ થાય એ બધો જ એ કેરબામાં લેવાનો થાય. અમુક ઈન્વેસ્ટીગેશનમાં કોઈ પણ જાતનું પ્રઝરવેટીવ નાખવામાં આવતું નથી અને અમુક ટેસ્ટમાં એસિડ નાખવામાં આવે છે. જેથી બેકટેરીયાનો ગ્રોથ ન થાય અને પેશાબનું **PH** સરખું મેન્ટેઈન રહે છે. ઘણું બધું પેશાબ માટે લખી શકાય છે. જો તમને એના વિશે જાણવું છે. તો ગાંધીનગર સમાચાર તરફ કોન્ટેક્ટ કરવાથી બધી જાણકારી મળી શકશે. અમુક વસ્તુ છાપામાં લખવી અઘરી છે અશક્યછે. જેને કાઉન્શિલીંગથી થઈ શકે છે. આવતી વખતે કોઈ નવા વિષય સાથે ફરી મળીશું. પણ અમારી ફરિયાદ છે તમે લેખ વાંચતા તો હશો. પણ અમારા સુધી નેગેટીવ અથવા પોઝીટીવ કોઈ **Feedback** પહોંચતો નથી. તો હવે કંઈક જાણવા માંગતા હોય અથવા કંઈક શીખવવા માગતા હોય તો ફોન અથવા લખાણથી અમારો સંપર્ક કરવો.